# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-**0261-2662902**, suratdeo@gmail.com , web :-www.suratdeo.org

જા.નં.મા-૨/૨૦૨૬/7955 તા. ૦૯/૦૬/૨૦૨૬ 12

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

આ સાથે સામેલ કમિશનર શાળાઓની કચેરી,બીજો માળ,પુનિત વનની સામે,ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં.ઘ/માધ્ય/યોજના-૧/૨૦૨૬/૪૩૪૭-૮૦ તા.૧૧/૦૬/૨૦૨૬ પત્ર અન્વયે જનકલ્યાણકારી યોજનાઓની માહિતી પ્રમાણમાં પહોંચે અને તે યોજનાઓમાં શાળાઓના વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે તમામ શાળાઓને જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

ક્રમાંક:ઘ/માધ્ય/યોજના-૧/૨૦૨૬/ ૪૩૪૭-૮૦

કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, પુનિત વનની
સામે, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર – ૧૯, ગાંધીનગર
તા.૧૧/૦૬/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

વિષય: જનકલ્યાણ શિબિર યોજવા બાબત. (ગ્રામ્ય તથા શહેરી)
સંદર્ભ: સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: GAD/AWR/e-file/1/2026/3234/ARTD2, તા. ૨૯/૦૫/૨૦૨૬

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યની પ્રજા સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી બહોળા પ્રમાણમાં પહોંચે અને તે યોજનાઓનો મહત્તમ લાભ પ્રજાજનોને મળે તેમજ વિકસિત ગુજરાત@૨૦૪૭નું ધ્યેય સાકાર કરવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રમુખ યોજનાઓનો સમાવેશ કરીને તા.૧૨ થી ૨૦ જૂન, ૨૦૨૬ દરમિયાન જનલ્યાણ શિબિરનું આયોજંન કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર સાથે સામેલ યોજનાઓની યાદીમાં નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે. આથી આ યોજનાઓની માહિતી પ્રજાજનો અને વિદ્યાર્થીઓ સુધી બહોળા પ્રમાણમાં પહોંચે તે અંગેનું આયોજન આ સાથે સામેલ સંદર્ભદર્શિત પરિપત્રમાં આપેલ સુચનાઓ મુજબ કરવા આપને જણાવવામાં આવે છે.

**બિડાણ: સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૯/૦૫/૨૦૨૬ નો પરિપત્ર**

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત
9183
આવક નંબર :- 31/6
તારીખ :-
શાખા :-

જન કલ્યાણ શિબિર યોજવા બાબત (ગ્રામ્ય તથા શહેરી)

ઇ.નો. ક્રમ.
શાખા.
3 JUN 2026
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંક: GAD/AWR/e-file/1/2026/3234/ARTD2

સચિવાલય, ગાંધીનગર

તા.૨૯/૦૫/૨૦૨૬

પરિપત્ર:

રાજ્યની પ્રજા સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી બહોળા પ્રમાણમાં પહોંચે અને તે યોજનાઓનો મહત્તમ લાભ પ્રજાજનોને મળે તેમજ વિકસિત ભારત@૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે વિકસિત ગુજરાત@૨૦૪૭નું ધ્યેય સાકાર કરવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રમુખ યોજનાઓનો સમાવેશ કરીને તા.૧૨ થી ૨૦ જૂન, ૨૦૨૬ દરમિયાન જનલ્યાણ શિબિરનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આથી તેનું આયોજન નીચે દર્શાવેલ વિગતે કરવા અંગેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

૧. જન કલ્યાણ શિબિર દરમિયાન નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧.૧ તા.૧૨ થી ૨૦ જૂન,૨૦૨૬ દરમિયાન ત્રણ દિવસ માટે શિબિરનું આયોજન કરી, આ સાથે સામેલ પત્રકમાં સમાવિષ્ટ યોજનાઓનો મહત્તમ લાભ મહત્તમ લોકો સુધી પહોંચે તે માટે અસરકારક કામગીરી કરવાની રહેશે, તેમજ યોજનાઓનો લાભ જે લાભાર્થીને મળવાપાત્ર હોય તેઓની નોંધણી સદરહુ યોજનાઓમાં થાય તે માટે શક્ય તમામ પ્રયત્નો કરવાના રહેશે.

૧.૨ આયુષ્માન ભારત, આયુષ્માન વયવંદના, પી.એમ. સૂર્યઘર યોજના, પી.એમ. સ્વનિધિ યોજના, લખપતિ દીદી તેમજ વી.બી. જી.રામ જી યોજનામાં મહત્તમ નોંધણી થાય તે માટે ખાસ કાળજી લેવાની રહેશે.

૧.૩ આ શિબિરમાં સુગમ ડિજિટલ ગુજરાત પોર્ટલ અંગેની જાગૃતતા વધે તે માટે ખાસ પ્રયત્નો કરવાના રહેશે.

૧.૪ આ શિબિરમાં પ્રદર્શનીનું આયોજન તેમજ બુકલેટ, પત્રિકાઓની વહેંચણી કરવાની રહેશે.

૧.૫ પ્રસ્તુત શિબિરનો વિવિધ પ્રચાર માધ્યમની મદદથી બહોળો પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે.

૧.૬ શિબિરના સ્થળ ઉપર યોજનાને સંબંધિત આનુષંગિક તમામ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૧.૭ વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગ અરજદારો માટે અલાયદી અને યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

૧.૮ આ જનકલ્યાણ શિબિરમાં શાળાના બાળકો અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સંદર્ભેની તમામ યોજનાઓની સાથે સાથે તેઓને લગતી આરોગ્યને લગતી યોજનાઓ અંગેની પત્રિકાઓનું વિતરણ અને તે અંગે મળતા લાભોની જાગૃતતા વધે તેવા ખાસ પ્રયત્નો કરવાના રહેશે.

PS(P.S.E.)
AS(Conrd)

૧.૯ જિલ્લા તેમજ શહેર કક્ષાની સમિતિના અધ્યક્ષશ્રીએ જિલ્લા દીઠ તેમજ પ્રાદેશિક ઝોન દીઠ, મહાનગરપાલિકા દીઠ શિબિરમાં લાભ લીધેલ લાભાર્થીઓની માહિતી સંકલિત કરી, તેને વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવેલ ગુગલશીટમાં રજૂ કરવાની રહેશે.

૧.૧૦ જન કલ્યાણ શિબિરના અસરકારક અને સુવિધાપૂર્ણ અમલીકરણ માટે દરેક શિબિરદીઠ રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)ની મર્યાદામાં જરૂરી ખર્ચની વ્યવસ્થા માટે જિલ્લા કક્ષાએ જન સેવા કેન્દ્રો માટે ઊભી કરેલી ઈ-સેવા સોસાયટી ખાતે ઉપલબ્ધ નાણાકીય ભંડોળમાંથી મેળવી જે તે કલેક્ટરશ્રીએ સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રી/મામલતદારશ્રીને સમયસર રકમ ફાળવી આપવાની રહેશે. તેમજ મહાનગરપાલિકા/નગરપાલિકાએ પ્રસ્તુત બાબતે સ્વભંડોળમાંથી ખર્ચની જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

૧.૧૧ આ શિબિર દરમિયાન થયેલ ખર્ચ તેમજ અન્ય ચુકવણા કલેક્ટરશ્રીએ બનતી ત્વરાએ કરવાના રહેશે. પરંતુ, એ સમયગાળો ૩૦ દિવસથી વધે નહીં તેની કાળજી રાખવાની રહેશે.

૧.૧૨ જન કલ્યાણ શિબિરની જવાબદારી સંભાળતા અધિકારીશ્રીઓએ તેમના વિસ્તારના માનનીય મંત્રીશ્રીની અનુકૂળતા માટે યોગ્ય સંકલન અને વ્યવસ્થા કરવાની રહેશે.

૨. જન કલ્યાણ શિબિરના અસરકારક અમલીકરણ અને દેખરેખ માટે જિલ્લા, તાલુકા અને શહેર કક્ષાની સમિતિઓનું માળખું નીચે મુજબ રહેશે.

૨.૧ જિલ્લા કક્ષાની સમિતિના સભ્યો:

| | | |
|---|---|---|
| (૧) | કલેક્ટરશ્રી | : અધ્યક્ષ |
| (૨) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | : સહઅધ્યક્ષ |
| (3) | નિવાસી અધિક કલેક્ટરશ્રી | : સભ્ય સચિવ |
| (૪) | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી | : સભ્ય |
| (૫) | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | : સભ્ય |
| (૬) | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | : સભ્ય |
| (૭) | લીડ બેન્ક મેનેજરશ્રી / પ્રતિનિધિ | : સભ્ય |
| (૮) | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી | : સભ્ય |
| (૯) | વીજ કંપની/સમાજ કલ્યાણ કચેરીઓના અધિકારીશ્રી અથવા તેમના પ્રતિનિધિશ્રીઓ | : સભ્ય |
| (૧૦) | આમંત્રિત અધિકારીશ્રીઓ | : સભ્ય |

નોંધ: ઉક્ત અધિકારીશ્રી સિવાયના જરૂરિયાત મુજબના અધિકારીશ્રીઓને પણ કલેક્ટરશ્રી દ્વારા જિલ્લા કક્ષાની સમિતિમાં સમાવી શકાશે.

૨.૨ તાલુકા કક્ષાની સમિતિના સભ્યો:

| | |
|---|---|
| (૧) પ્રાંત અધિકારીશ્રી(અધ્યક્ષ) | (૬) બાળ વિકાસ યોજના અધિકારીશ્રી (સીડીપીઓ) |
| (૨) મામલતદારશ્રી | (૭) સમાજકલ્યાણ નિરીક્ષકશ્રી |

| | |
|---|---|
| (૩)તાલુકા વિકાસ અધિકારીશ્રી (સભ્યસચિવ) | (૮) વિસ્તરણ અધિકારીશ્રી(ખેતી) |
| (૪) વિસ્તારના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી | (૯) લીડ બેન્ક મેનેજરશ્રી/ પ્રતિનિધિ |
| (૫) તાલુકા આરોગ્ય અધિકારીશ્રી | |

નોંધ: ઉક્ત અધિકારીશ્રી સિવાયના જરૂરિયાત મુજબના અધિકારીશ્રીઓને પણ પ્રાંત અધિકારીશ્રી દ્વારા તાલુકા કક્ષાની સમિતિમાં સમાવી શકાશે.

૨.૩ શહેર કક્ષાની સમિતિ

| | | | |
|---|---|---|---|
| (૧) | મહાનગરપાલિકા | નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી | અધ્યક્ષ |
| (૨) | નગરપાલિકા | પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓ | અધ્યક્ષ |

ઉક્ત શહેર કક્ષાની સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે:

(૧) મદદનીશ પોલીસ કમિશનરશ્રી(મહાનગરપાલિકામાં)/પોલીસ ઈન્સપેકટરશ્રી(નગરપાલિકામાં)

(૨) શહેર મામલતદારશ્રી/પ્રતિનિધિ

(૩) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી

(૪) પુરવઠા નિરીક્ષકશ્રી/પ્રતિનિધિ

(૫) સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી/પ્રતિનિધિ

(૬) બ્લોક/અર્બન હેલ્થ ઓફિસરશ્રી

(૭) બાળ વિકાસ યોજના અધિકારીશ્રી (સીડીપીઓ)

(૮) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ

(૯) વાહન વ્યવહાર/વીજ કંપની/એસ.ટી./ સમાજ કલ્યાણ કચેરીઓના અધિકારીશ્રી અથવા તેમના પ્રતિનિધિશ્રીઓ

(૧૦) લીડ બેન્ક મેનેજર / પ્રતિનિધિ

(૧૧) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી-મ્યુનિસિપલ કમિશનરશ્રીના પરામર્શમાં તેમજ પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓ કલેક્ટરશ્રીના પરામર્શમાં ઉપર દર્શાવેલ ન હોય તેવા જરૂરિયાત મુજબ નક્કી કરે તે અધિકારીશ્રી/પ્રતિનિધિશ્રીઓ.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સક્ષમ સત્તાધિકારીની તા.૨૮/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

File No: GAD/AWR/e-file/1/2026/3234/ARTD2 - Section
Approved By: Deputy Secretary,ARTD2 - Section,GAD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

(ડૉ.જયશંકર ઓધવાણી)

સરકારના નાયબ સચિવ

સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

(૧) * માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, લોક ભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી/સલાહકારશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૩) માન. નાયબ મુખ્યમંત્રીશ્રી/સર્વે માન. મંત્રીશ્રીઓ/માન.રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.

(૪) મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૫) સર્વે માન. પ્રભારી મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૬) સર્વે માન.સંસદ સભ્યશ્રીઓ/માન.ધારાસભ્યશ્રીઓ (વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ મારફતે)

(૭) સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ મારફતે)

(૮) સર્વે વહીવટી વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી

(૯) સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, મહાનગર પાલિકાઓ.

(૧૦) સર્વે પ્રાદેશિક કમિશનરશ્રીઓ, નગરપાલિકા.

(૧૧) સર્વે કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી/જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી (ઇ-મેઇલ દ્વારા).

(૧૨) સિસ્ટમ મેનેજર, સામાન્ય વહીવટ વિભાગ - વેબસાઇટ પર પ્રસિદ્ધિ સારુ

(૧૩) શાખા પસંદગી ફાઇલ.

*પત્ર દ્વારા

(સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૫/૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક: GAD/AWR/e-file/1/2026/3234/ARTD2.નું બિડાણ)

પત્રક

| યોજનાની વિગત | વિભાગનું નામ |
|---|---|
| 1. આયુષ્માન ભારત યોજના<br>2. આયુષ્માન વયવંદના યોજના<br>3. નમોશ્રી યોજના<br>4. પી.એમ.જે.એ.વાય. મા (અરજી) | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| 5. પી.એમ.સૂર્યઘર યોજના | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ |
| 6. લખપતીદીદી યોજના<br>7. વી.બી.જી. રામ જી યોજના | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ |
| 8. પી.એમ. સ્વનિધિ યોજના | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ |
| 9. ફ્રી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન | આદિજાતિ વિકાસ વિભાગ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ |
| 10. રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના<br>11. નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના(રાજ્ય સરકારની યોજના)<br>12. રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (અરજી સ્વીકારવી) | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ |
| 13. ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| 14. મુખ્યમંત્રી લક્ષ્મી યોજના<br>15. સરસ્વતી યોજના | શિક્ષણ વિભાગ |


ignature Not Verified
gned by: Shreyshankar Odhavani
puty Secretary
te:2026.05.29
:27:32 +5:30


File No: GAD/AWR/e-file/1/2026/3234/ARTD2 - Section
Approved By: Deputy Secretary,ARTD2 - Section,GAD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Scanned with O